શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫

અંક : ૧૨

## આયોજન

આગામી દિવસો નવા બજેટ બનાવવા અને જૂના બજેટમા વધારા ઘટાડા કરી, પાર પાડવામા આવેલા કાર્યો અને લક્ષ્યસિધ્ધ નહિ થયેલા કામોના લેખાજોખાનો સમય આવનાર છે ત્યારે શાળાઓમા પણ વર્ષની શરૂઆતથી જ જો આયોજન કરવામાં આવે તો શાળા કક્ષાએ કરવાના થતા કામો દીપી ઉઠે. તો ચાલો જઈએ, શાળાઓમાં કરવામા આવતા કામોને સમય સાથ આયોજનબધ્ધ કરવા જરૂરી બાબતો અને કાર્યો.

અર્થશાસ્ત્રી રોબિન્સે, અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતા કહયુ છે કે, માનવીની ઈચ્છાઓ અનંત છે, માનવી પાસે સાધનો મર્યાદિત છે. એ મર્યાદિત સાધનો વડે શકય એટલી વધુ ઈચ્છાઆને સંતુષ્ટ કરવી અને એ માટે સાધનોનો વૈકિલ્પક ઉપયોગ કરવો.

શાળામા પણ આપણે આ જ અભિગમ અપનાવી શકીએ. ઈચ્છાઓ અનંત છે. ઘણુ બધુ કરવાનુ છે. તેની સામે સમય મર્યાદિત છે. તો તે સમયનુ આયોજન એવી રીતે કરવુ જોઈએ કે જેથી મહતમ કામ પાર પાડી શકાય. કાર્યની સફળતા ત્યારે જ મળે કે જયારે તેનુ આયોજન સારી રીતે થયેલુ હોય. આમ પૂર્વ આયોજન એ સફળતાની ચાવી છે. જેવુ જેનુ આયોજન તેવુ તેનુ પરિણામ. શાળાઓમા શૈક્ષણિક ગુણવતાના વિકાસ માટે આયોજની મહત્વની ભુમિકા રહેલી છે.

શાળામા આયોજન કરેલ હોય તો કાર્ય કરવાની પૂરેપૂરી તૈયારી કરવાનો સમય મળી શકે તેમજ વિવિધ સ્ત્રોનો વધુમા વધુ ઉપયોગ કરી શકાય અને કાર્યો કરવાની અગાઉથી ખબર હોવાથી સમય અને શકિતની બચત થાય છે. તેમજ કાર્ય

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**જેમ તેલ વિના દિવો બળતો નથી તેમ ઈશ્વર વિના માનવ જીવી શકતો નથી.**

સરળતાથી અને સફળતાપૂર્વક પૂરૂ કરી શકાય છે. શાળા અને સમાજ વચ્ચેના સંબંધો લોકભાગીદારી દ્વારા વિકસાવી શકાય છે અને ધ્યેયોને પૂર્ણ પણ કરી શકાય છે.

શાળાઓમાં આયોજન કરતી વખતે, આયોજન વાસ્તવિક, ચોકકસ અને હેતુ સરતો હોય તે ખૂબ અગત્યનું છે. જેમાં સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ રહે તેવું તથા પરિવર્તનશીલ બનાવવું જોઈએ અને તેનો અમલ સરળતાથી કરી શકાય તેવુ ંહોવું જોઈએ. આયોજન કરતા પહેલા અગાઉના વર્ષમાં આયોજન થયેલ હોય તો તે જોઈ લેવુ અને જરૂરીયાત સમજી સ્થાનીક સ્ત્રોતો, માનવબળ, આર્થિક અને ભૌતિક સુવિધા પણ ધ્યાને લઈને કરવું. તેના અમલ પર ભાર મુકીને વ્યવસ્થા એવી ગોઠવવી કે જેથી આયોજન મુજબ જ અમલ થાય.

શાળા કક્ષાએ લાંબા ગાળાનુ અને ટુંકા ગાળાનું એમ બંને પ્રકારના આયોજન કરવા જોઈએ જેમા લાંબા ગાળાના આયોજનમા વાર્ષિક અને પંચવર્ષીય આયોજન જયારે ટુંકા ગાળાના આયોજનમા દૈનિક, સાપ્તાહિક અને માસિક આયોજન તૈયાર કરવા જોઈએ.

વાર્ષિક આયોજનમાં શિક્ષકની ફાળવણી ધોરણ અને વિષયવાર કરવી, વિવિધ સમિતિઓની રચના કરવી, પ્રવાસ–પર્યટનનુ આયોજન, વિશેષ દિવસોની ઉજવણી, રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની ઉજવણી, ધોરણદીઠ પ્રોજેકટ વર્ક, વિષયવાર કસોટીઓ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, બાળ આનંદ મેળાઓ, લાઈબ્રેરી ઉપયોગ, બાળ રમતોત્સવ, વિજ્ઞાન પ્રદર્શનનું આયોજનની સાથે સાથે નામાંકન સંદર્ભે સર્વે, શાળાનું જનરલ સમય પત્રક, પાઠયક્રમનું વાર્ષિક આયોજન, સહ અભ્યાસિક પ્રવતિઓનું આયોજન, સત્રના પ્રારંભમા પુનરાવલોકન પખવાડિયાનુ આયોજન, મધ્યાહન ભોજનમાં તિથિ ભોજન તથા વાર્ષિક બજેટને ધ્યાને રાખી શાળાની ભૌતિક, શૈક્ષણિક સુવિધાઓનું આયોજન, શાળા સ્થાપના દિનની ઉજવણી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સમેલન તથા વાર્ષિક કેલેન્ડર જેવી બાબતો તથા પંચવર્ષીય આયોજનમાં વૃક્ષારોપણ, ઔષધીય બાગ, મકાન, સેનીટેશન બાંધકામ અને ભૌતિક સુવિધાઓની પૂર્તિ જેવી બાબતોને આયોજન બનાવતી વખતે ધ્યાને લેવી જોઈએ.

વાર્ષિક આયોજનના તમામ મુદાઓને ધ્યાનમાં રાખીને માસિક આયોજનમાં વિશિષ્ટ દિનની ઉજવણી, તહેવારોની ઉજવણી, માસિક કસોટી, માસ દરમિયાન સાંસ્કૃતિક પ્રવતિઓ, બાલસભા, રમતગમત, વકતૃત્વસ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વાંચન સ્પર્ધા, ચર્ચા સભા, પ્રશ્નમંચ, માસિક પાઠયક્રમનું આયોજન, પ્રવાસ પિકનીક, વનભોજન, ઉર્જા બચત પ્રવૃતિ, સુવાકય, સુવિચાર, બુલેટીન બોર્ડ, દૈનિક કેલેન્ડર, સમાચાર, રાષ્ટ્રગીત ગાન વગેરે

**પડકારોને અવરોધો નહીં, અવરોધોને પડકારો!**

મુદાઓને ધ્યાને લઈને આયોજન કરવું જોઈએ. સાપ્તાહિક આયોજનમાં વાંચન પર્વની ઉજવણી, અઠવાડીક પ્રાર્થના કાર્યક્રમ, સૂર્ય નમસ્કાર, સમૂહ કવાયત, સફાઈ, બાગાયત પ્રવૃતિ, શૈક્ષણિક સાધન નિર્માણ, ઈતર પ્રવૃતિ, શોધ સ્પર્ધાઓ, વિષય વસ્તુ કસોટી અને શાળા મહા સફાઈ જેવા મુદાઓનો સમાવેશ કરવો જોઈએ જયારે દૈનિક આયોજનમાં રોજનીશી, દૈનિક નોંધપોથી, વૈવિધ્યસભર પ્રાર્થના કાર્યક્રમ, બુલેટીન બોર્ડ, સ્વચ્છતા હેલ્થ કોર્નર, ડેઈલી બુક, લોગબુક, દૈનિક રોજમેળ, ટપાલબુક, આવક જાવક રજીસ્ટર અને રીપોટીંગ જેવી બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

શાળાઓની શૈક્ષણિક કામગીરીને પણ ધ્યાનમાં રાખી શૈક્ષણિક અભ્યાસક્રમનું આયોજન કરવું જોઈએ. તેમા એકમોનું માસવાર વિભાજન અને ધોરણવાર તથા વિષયવાર આયોજન કરવું જોઈએ. અધ્યાપન સંબંધી આયોજનમાં ભાષાઓને ગદ્ય, પદ્ય, વ્યાકરણ, નિબંધ, લેખન મુજબ તથા વિજ્ઞાનને પ્રાયોગીક, નિદર્શન પ્રવૃતિ, પાઠ શિક્ષણ કાર્ય મુજબ તથા ગણિતને બીજ ગણિત, અંક ગણિત, ભૂમિતિ અને પ્રાયોગીક કાર્ય મુજબ તથા સામાજીક વિજ્ઞાનને ઈતિહાસ, ભૂગોળ, રાજનીતીશાસ્ત્ર, નકશાપૂરણી અને સમયરેખા મુજબ અલગ પાડીને આયોજન કરવું જોઈએ.

મૂલ્યાંકન સંબંધી પ્રવૃતિઓને વિવિધ પરિક્ષાઓના મૂલ્યાંકન પ્રક્રિયાના દિવસોનુ આયોજન તથા એકમ કસોટી, પ્રાયોગીક કસોટીઓ વગેરે મુજબ આયોજનમાં સમાવેશ કરવો જોઈએ. જયારે દૈનિક આયોજનમાં કાર્ય દિવસોનુ આયોજન કરવુ જરૂરી છે. તેમાં શૈક્ષણિક કાર્યના કુલ વાર્ષિક દિવસોનું આયોજન, પ્રતિમાસ કાર્ય દિવસો અને તે મુજબ પૂર્ણ થનાર અભ્યાસક્રમનું આયોજનની સાથે સાથે દૈનિક અધ્યાપન નોંધ અને લેખન અને ચકાસણી અંગે પણ આગોતરુ આયોજન કરવુ જોઈએ.

વર્ષનુ આયોજન કરવું હોય તો અન્ન વાવો.
દાયકાનું આયોજન કરવું હોય તો વૃક્ષ વાવો.
જીવનનું આયોજન કરવું હોય તો માનવીને શિક્ષણ અને તાલીમ આપો.

**કવાન–ત્સુ (નરેન્દ્ર એમ.આરદેશણા)**

(લેખકશ્રી શ્રી નરેન્દ્રભાઈ આરદેશણા હાલ શાસનાધિકારી તરીકે રાજકોટ મહા નગર પાલિકામાં ફરજ બજાવે છે તેઓએ બાળકોના ભણવાના અધિકાર અન્વયે કરવાના થતા આયોજનની વિસ્તૃત છણાવટ કરી છે તે આપની સમક્ષ મુકુ છુ.)

**સંસ્થાએ બાબરા, જાફરાબાદ અને ઉના તાલુકાના ૬૦ ગામો કે જયાં સ્થળાંતર કે અન્ય કારણોસર બાળકોના અભ્યાસને અસર થતી ત્યાં જાગૃતિ કાર્યો હાથ ધરેલ છે. જમાં આ આયોજન ઉપયોગી થશે.**

*ઉત્સાહ જ સફળતાને આમંત્રણ આપે છે.*

## ગ્રામ સંજીવની સમિતી ક્ષમતાવર્ધન

રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશનની શરૂઆત શિશુ અને માતા મુત્યુ દરમા ઘટાડો લાવવો, બિમારીનો ફેલાવો અટકાવવો, સારી ગુણવતા ધરાવતી આરોગ્ય સેવાની ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધી અને વસ્તી વધારામાં સ્થિરતા લાવવા કરવામાં આવી. જેમાં આશાવર્કરની નિમણુક અને દરેક ગામોમાં આરોગ્ય સ્વચ્છતાને કાર્યરત કરવાની પ્રવૃતિઓ હાથ ધરાઈ. આ કાર્યક્રમનું ધ્યેય આરોગ્યને લગતી ગ્રામ્ય કક્ષાની પ્રવૃતિઓનુ નિયમન કરવું આરોગ્યને લગતી સેવાઓ તથા અધિકારો વિશે ગામના લોકોને જાગૃત કરવા અને ગ્રામ આરોગ્યના કામોનું આયોજન તથા સેવા આપવામાં સહકાર આપવાનો છે.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ અને એફઆરએસએચના સહયોગથી હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટએ સુરત જીલ્લાના બારડોલી તાલુકાના ૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ રચાયેલી ૭૬ ગ્રામ સંજીવની સમિતીઓ સાથે તેઓની મુલાકાત, ઓરીએન્ટેશન અને તાલીમ દ્વારા સંપર્ક બનાવી લોકોની આરોગ્ય સેવામાં સામેલગીરી બને તેવા પ્રયાસો થયા.

સંસ્થાએ આ સમિતી સભ્યોને પોતાની ભુમિકા અને જવાબદારીઓથી વાકેફ કર્યા. આગેવાની કરવાની, વાંતચીત કરવાની, પત્રલેખન તેમજ વહીવટી કુશળતામા વધારો થાય તેવા મુદાઓ તેમજ આપણાં આરોગ્ય અધિકારો, આરોગ્ય



**જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ!**

તંત્રનું માળખુ, આરોગ્ય ને લગતી તમામ યોજનાઓ વિશે માહિતી આપવામા આવી હતી. સંસ્થાના કાર્યકરોએ સમિતીઓની મુલાકાત લઈ તેમને માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. સમિતીઓ કાર્યરત બને અને સંચાલનની પ્રક્રીયા સારી બને તે હેતુથી તેઓને સમિતિની મીટીંગની કાર્યસૂચિ, કાર્યવાહીનોંધ તથા અમલીકરણની બાબતો વિવિધ કવાયતો સાથે શીખવવામાં આવી હતી. માહીતી અધિકાર, જનસંવાદ, મમતા દિવસની ઉજવણી, મુકતભડોળ અને તેના વપરાશ માટે વાર્ષિક આયોજન તથા કાર્યયોજના બનાવવાની કુશળતા સમિતીના સભ્યોમાં આ તાલીમથી બની હતી. તાલીમ માટે નર્સબહેન, આશા, પુરૂષ આરોગ્ય કાર્યકર, આગણંવાડી કાર્યકર તથા જનસમુદાયને સભ્યો મળી એક સમિતીમાંથી ૫ થી ૭ સભ્યોએ આ તાલીમોમાં ભાગ લીધો હતો.

આરંભમાં ઉદાસીન દેખાતી સમિતીઓ તાલીમ દરમ્યાન ઘણી સક્રીય દેખાઈ. સપુંર્ણપણે કાર્યરત ન થઈ શકી હોય કે સમિતીઓના સભ્યોને તેની ભુમિકા અને જવાબદારીઓ સ્પષ્ટ ન હોય તેવી સમિતીઓને પ્રેરિત કરી હતી. મિટીગો અનિયમીત થતી હોય તો તેવા કિસ્સાઓમાં હવે નિયમિત અને પધ્ધતિસર મીટીંગો થશે તેવી તાલીમાર્થીઓ દ્વારા ખાત્રી મળી હતી. થયેલ કાર્યનુ ફોલોઅપ આગામી માસમાં કરવામાં આવશે.



**જીવનમાં સુખ અને લોહીનાં સગપણ કરતાં વેદનાનુ સગપણ વધુ ટકે છે.**

## ટેકાના ભાવે ખરીદી

આ ખરીફ સીજનમાં મગફળીનું મબલખ ઉત્પાદન આવતા ખેડૂતો ખુશ હતા. પરંતુ જયારે મગફળીનું વેચાણ માટે મુકી તો ભાવ ખૂબજ નીચી સપાટીએ જતા રહયા. જે મણના ૫૦૦ થી ૬૦૦ રૂા. હતા. આવા ભાવોને લઈ ખેડૂતો પરેશાન હતા. ખર્ચ પ્રમાણે ભાવો નહી મળતા ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ થાય તે માટે સરકારશ્રીમાં રજુઆતો કરી. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેવા પ્રયત્નો પલ્સેસ પ્રોકયુર્મેન્ટ પ્રોગ્રામ અંતગત નાફેડ તથા સ્મોલ ફાર્મર એગ્રી બીજનેશ કન્સોટ્રીયમ (એસએફએસી) જે સરકારશ્રી સંચાલિત છે. તેમને ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા માટે જવાબદારી સોંપી. નાફેડ દ્વારા સહકારી સંઘો દ્વારા ખરીદી શરૂ થઈ જયારે એસએફએસી દ્વારા ભારતમાં બનેલી પ્રોડયુસર કંપનીઓ દ્વારા મગફળીની ખરીદી કરવા કરાર થયા. કંપનીના કાર્યક્ષેત્રના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે. આ ઉપરાંત એસએફએસી એ સ્ટેટ લેવલે ગુજરાતમાં બનેલા ફાર્મર્સ પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન (એફપીઓ) ની રચના કરેલી છે. જેનું સંકલન સજજતા સંઘ કરી રહયું છે. એસએફએસી દ્વારા ગુજરાતના ખરીદી માટે તથા એફપીઓ ના સંકલન વ્યવસ્થા માટે રીસોર્સ ઈન્સ્યુટયુશન (આરઆઈ) તરીકેની જવાબદારી સજજતા સંઘને સોંપી છે. સજજતા સંઘ દ્વારા ખરીદીના લોકેશનની વ્યવસ્થા, એફપીઓ પસંદગી, પાકના ડેટા, જુદા જુદા કોટેશનો જેવા કે, લોડીગ, અનલોડીંગ, મજુરી, બારદાન વગેરે તથા મોનીટરીંગ થઈ રહયુ છે. એફપીઓ દ્વારા ખરીદી વેચાણનું લાયસન્સ મેળવી કંપનીના સભાસદોનું રજીસ્ટ્રેશન કરી જરૂરીયાત પ્રમાણે ખેડૂતોને બોલાવી ખેડૂતોનો માલ વેચાય તેવા પ્રયત્નો કરવા, આ ઉપરાંત માલ ખરીદી થયા બાદ વેર હાઉસ સુધી પહોચાડવો તથા ખેડૂતોને ખરીદીના નિયમોથી વાકેફ કરવા, બીલ બનાવવા, ચેક આવ્યેથી ચેક પહોચાડવા, સ્ટોક મેઈન્ટેન કરવો, દરરોજ થયેલી ખરીદીની વિગતો સજજતાસંઘ, એસએફએસી ને મોકલવા સંકલન તથા કામની વહેંચણી થયેલ છે.

આ ઉપરાંત એસએફએસી દ્વારા ખરીદી ટેસ્ટીગની જવાબદારી નેશનલ કોમોડીટી એન્ડ ડેરીવેટીવ એકસચેન્જ સ્પોટ (એનસીડીએકસ) ને સોપાય છે. એનસીડીએકસ દ્વારા ખેડૂતોની મગફળી તેના નિયમ મુજબ ચકાસણી કરી ખરીદવામાં આવે છે. કવોલીટી ચેકીગ થયા બાદ ખેડૂતોને કવોલીટી પ્રમાણપત્ર આપવામાં આવે છે. કોઈ ખેડૂતની કવોલીટી નબળી હોય તો તેના કારણો આપવામાં આવે છે. આ ઉપરાંત વેર હાઉસની જવાબદારી ટોટલ લોજીસ્ટીક ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ મુંબઈને

**સફળતા એટલે, એક નિષ્ફળતાથી બીજી નિષ્ફળતા તરફ ઉત્સાહ ગુમાવ્યા વગર વધવું.**

સોંપાઈ છે. તેઓ વેર હાઉસ નકકી કરી ખરીદ થયેલી મગફળીની સાચવણીની જવાબદારી તેમની છે. આ પાંચ એજન્સીના સંકલન દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી થાય છે.

ખાંભા ખાતે ૨૦૦૬ થી કાર્યરત અવિરત એગ્રો પ્રોડયુસર કંપની દ્વારા ખાંભા માર્કેટ યાર્ડમાં તા.૧૧/૧૨/૨૦૧૩ થી મગફળીની ખરીદી માટે કાર્ય થઈ રહયું છે. કંપનીએ ઓકટોબર ૨૦૧૩થી તુવેર દાળની ખરીદી અને વેચાણ કાર્યમાં એસઅફએસી સાથે રહી કામની શરુઆત કરી હતી. અવિરત કંપની ખેડૂતોને ખેતીમાં મદદરૂપ થવા ગુણવતા વાળા સારી જાતના દવા તથા બિયારણો પુરા પાડવાનુ કાર્ય છેલ્લા સાત વર્ષથી કરે છે. આ વર્ષે કંપનીએ ખરીદીનું કાર્ય શરૂ કર્યુ છે. તા. ૧૧/૧૨/૨૦૧૩ થી તા. ૨૮/૧૨/૨૦૧૩ સુધીમાં ૧૯૧ ખેડૂતોની ૧૭૧૧૦ ગુણી મગફળીની ખરીદી થઈ ચુકી છે.

વર્ષોથી બંધ હાલતમાં પડેલ ખાંભા માર્કેટ યાર્ડ પણ શરૂ કરવાનો આ પ્રયાસ છે. હાલ ખાંભા ખાતે જે ખરીદી શરૂ છે તેમાં ખરીદીના નિયમો નીચે મુજબ છે. અને જીજી–૨૦ માટે નીચેના નિયમો લાગુ પડે છે.

(૧) ૬૫ ઉપરનો ઉતારો (૨) ૧ ગુણીમાં ૪૦ કીગ્રા થવી જોઈએ (૩) ૧ હેકટરે ૧૨૫ મણ જે ૩ હેકટર સુધી લઈ શકાય એટલે કે, ૩ હેકટર વાળા ખેડૂત ૩૭૫ મણ વેચી શકે (૪) વિદેશી તત્વો ૨ % થી ઓછા (૫) નુકશાની વાળી ૨ % થી ઓછી (૬) અવિકસીત કે સીમળાયેલી ૪ % થી ઓછી (૭) અન્ય જાતિની ૪ % થી ઓછી (૮) ભેજના ૮ % (૯) નોંધણી માટે નીચે મુજબના દસ્તાવેજો જરુરી છે.

(૧) ૭–૧૨ તથા ૮–અના ઉતારા
(૨) પાણી પત્રક
(૩) બેંક ખાતાની પાસબુકની નકલ
(૪) ચુંટણી કાર્ડની નકલ





**દરેક મુશ્કેલીમાં એક તક રહેલી હોય છે.**

**Engage on this month**

| | |
|---|---|
| 16 | Biodiversity meeting at Gandhinagar |
| 16-17 | Training for members of Mahila Nyay Samiti at Amreli. |
| 16-27 | Members of Gram Sanjivni Samiti training at Bardoli. |
| 16-18 | Training on LAMP at Abd |
| 28 | IAG meeting at Abd. |
| 28 | Bal kelavani mandir, Bagasara |

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Arshibhai Solanki | 26-01-1988 |
| 2 | Ashvin Barad | 24-01-1991 |
| 3 | Bharat Titiya | 02-01-1967 |
| 4 | Bhavini Patel | 04-01-1984 |
| 5 | Dayabhai Patel | 01-01-1940 |
| 6 | Govind Rathod | 11-01-1987 |
| 7 | Ghansyam Padsala | 31-01-1980 |
| 8 | Hetal Prajapati | 02-01-1986 |
| 9 | Harshad Patel | 09-01-1974 |
| 10 | Jalpa Dholakiya | 07-01-1981 |
| 11 | Jalpa R Trivedi | 25-01-1982 |
| 12 | Khyati Dhruv | 16-01-1991 |
| 13 | Komal V Joshi | 19-01-1986 |
| 14 | Mulaji L Bagda | 06-01-1969 |
| 15 | Mitul Patel | 17-01-1987 |
| 16 | Ramaben Makvana | 03-01-1965 |
| 17 | Swati R Ghetiya | 20-01-1991 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નકાર વ્યકિતને બધેથી તોડે છે જયારે હકાર હરકોઈ જગ્યાએથી જોડવાનુ જ કામ કરી શકે.**